# અરવલ્લી-સાબરકાંઠામાં મહાશિવરાત્રીએ શિવાલયો હર-હર મહાદેવના નાદથી ગુંજી ઉઠ્યા

અરવલ્લી, તા. ૮ દેવાધિદેવ મહાદેવનું મહાપર્વ



'મહાશિવરાત્રી' શિવ ભગવાનને પ્રિય એવા સોમવારના દિવસે જ યોગાનોયુગ અનોખો સંગમ થતા ભોલેનાથના ભક્તો ભાવવિભોર બન્યા હતા. છેલ્લા ૬૦ વર્ષના પંચાગ ઉપર નજર કરતા ૭મી વાર સોમવારે મહાશિવરાત્રીનો યોગ સર્જાયો હોવાથી મહાશિવરાત્રી પર્વમાં શિવભક્તોની સોમવારે વહેલી સવારથી જ અરવલ્લી-સાંબરકાંઠાના ૫૦૦થી વધુ શિવાલયોમાં જળાભિષેક કરી ઓમ નમઃ શિવાય, હર હર મહાદેવના નાદથી ગુંજી ઉઠ્યા હતા. અરવલ્લી-સાબરકાંઠામાં મહાશિવરાત્રી પર્વ નિમિત્તે ભરાતા લોકમેળાઓમાં માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું. ઠેર ઠેર શોભાયાત્રાનું પણ ભવ્ય આયોજન થયું હતું.

અરવલ્લી-સાબરકાંઠાના શિવાલયોમાં આધ્યાત્મિક રીતે મહાદેવના વાર સોમવારના દિવસે મહાશિવરાત્રી પર્વમાં શિવભક્તો પોતાની મનોકામના પૂર્ણ કરવા ઉપવાસ કરી મહાદેવની પૂજા-અર્ચના કરવા ઉમટી પડ્યા હતા. સોમવારે મહાશિવરાત્રીનો પર્વ હોવાથી ધાર્મીક દષ્ટિએ અનોખો યોગ સર્જાતા શિવરાત્રીનું અનેકગણુ મહત્વ ઉમેરાયું હતું. મોડાસા શહેરના ગેબીનાથ મહાદેવ, કાશી વિશ્વનાથ મહાદેવ, કોલવડાના કપિલેશ્વર મહાદેલ, મોટી ઈસરોલના મોટેશ્વર મહાદેવ, શામપુરના કુંઢળેશ્વર મહાદેવ, હફસાબાદના સોમનાથ મહાદેવ, બેરણાના શિવ-મહાદેવ સહિત સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના ૫૦૦થી વધુ સિવાલયોમાં શિવભક્તો વહેલી સવારે ઉમટી પડ્યા હતા. બન્ને જિલ્લાના શિવાલયો હર હર મહાદેવ, જય શિવ શંભુ, ઓમ નમઃ શિવાય, બમ બમ ભોલેના નાદથી ગુંજી ઉઠ્યા હતા. અરવલ્લી-સાબરકાંઠામાં ગેબીનાથ મહાદેવ, બેરણા ગામ સહિત અનેક જગ્યાએ શિવ મંદિરની બહાર લોકમેળાનું ભવ્ય આયોજન થયું હતું. જેમાં ભાતીગળ મેળામાં માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું. મોડાસા શહેરના અતિ પ્રાચીન કાશી વિશ્વનાથ મહાદેવમાં પણ ભક્તોનું ઘોડાપુર ઉમટી ખુબ ધામધૂમથી ભજન, કિર્તન સાથે ઉજવણી કરી ભોળાનાથની પાલખી અને બેન્ડવાજા તેમજ ભજન મંડળી સાથે શોભાયાત્રા નિકાળવામાં આવી હતી. ટીંટોઈ નજીક આવેલ કુંડોલ ગામના સોમનાથ મહાદેવના દર્શનાર્થે મોટી સંખ્યામાં ભક્તજનોનો મેળાવડો યોજાયો હતો.





કાંકરેજ તાલુકાના શિહોરી ગામ ઉપરથી પસાર થતો નેશનલ હાઈવે પર માનપુર પાસે રાત્રીના સુમારે કંડલા તરફથી આવતી મોટી ટ્રકની બ્રેક ડાઉન થતા પાછળથી આવતી એક બીજી મોટી ટ્રકે જોરદાર ટક્કર મારતા પાછળની ટ્રકના ડ્રાયવર તેમજ ખલાસીને ગંભીર ઈજા. ડ્રાયવરને ક્રેમનની મદદથી ટ્રકના કેબીનમાંથી બહાર કાઢીને ૧૦૮ મારફતે પાટણ સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

## પ્રાંતિજમાં પશુ ગેંગ સક્રિય

પ્રાંતિજ, તા.૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તથા તાલુકામાં પશુ ચોર ગેંગ સક્રિય થતાં પ્રાંતિજ સહિત તાલુકામાંથી કુલ ત્રણ પશુઓની ચોરી થતા પશુ માલિકો દ્વારા પોલીસ ફરિયાદ થઈ હતી. પ્રાંતિજ ખાતે રહેતા મુકેશભાઈ શામળભાઈ પટેલ રહે. યોગેશ્વર સોસાયટી પ્રાંતિજ કે ચંચળતા નગર ખાતે જેવોના બોર ઉપર બાંધેલ દુધની ભેંસ જેની કિંમત ૪૫૦૦૦ છે કોઈ અજાણ્યા તસ્કરો ઉઠાવી જતા પોલીસ ફરિયાદ થઈ છે. જયારે પ્રાંતિજના સોનાસણ ગામે પણ ઘર આગળથી રાત્રીના સમયે બે ભેંસો એકની કિંમત રૂ. ૨૫૦૦૦ અને બીજી ભેંસની કિંમત રૂ. ૩૫૦૦૦ છે તે કોઈ અજાણ્યા ચોર ઈસમો ચોરી જતાં અંદરસિંહ વજેસિંહ રાઠોડ દ્વારા અજાણ્યા પશુ ચોર સામે ફરિયાદ કરવામાં આવી છે. જયારે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ગુજરાત મહિલા કોંગ્રેસ સમિતિના મંત્રી પદે રેખાબેન સોલંકી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના રેખાબેન સોલંકીને ઓલ ઈન્ડિયા મહિલા કોંગ્રેસના પ્રમુખ શોભા ઓઝાની અનુમતિથી ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ સમિતિના મંત્રી તરીકે નિમણુંક કરવામાં આવતાં પ્રાંતિજ-તલોદના કોંગ્રસના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા કોંગ્રેસ તાલુકા પ્રમુખ તથા કોંગ્રેસ કાર્યકરો દ્વારા રેખાબેન સોલંકીને શુભેચ્છાઓ અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# અરવલ્લી-સાબરકાંઠામાં ધો. ૧૦ ૧૨ની પરીક્ષાનો શાંતિપૂર્ણ પ્રારંભ

અરવલ્લી, તા. ૮ આજે ૮ માર્ચ ૨૦૧૬ના



રોજ અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં માધ્યમિક ઉચ્ચત્તર શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થયો હતો. અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં બોર્ડ દ્વારા ૯૧ પરીક્ષા કેન્દ્રો પર ૯૧ હજારથી વધુ વિદ્યાર્થીઓએ શાંતિપૂર્ણ માહોલમાં પ્રથમ દિવસે પરીક્ષા આપી હતી. મોડાસા શહેર સહિત બન્ને જિલ્લાના સંચાલક મંડળ અને વિવિધ સામાજીક સંસ્થાઓએ પરીક્ષાર્થીઓને કુમકુમ તિલક કરી સાકરથી મો મીઠુ કરાવી માનસિક તણાવ દૂર કરવા ગુલાબના ફૂલ આપી શુભેચ્છા પાઠવી હતી.

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં મંગળવારે ગુજરાત રાજ્ય શૈક્ષણિક બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ધોર-૧૨નો માર્ચ ૨૦૧૬ની પરીક્ષાનો પ્રારંભ થયો હતો. ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ પ્રથમ સત્રમાં અને બપોરે ધો. ૧૨ની પરીક્ષા આપવા આવેલા વિદ્યાર્થીઓનો બોર્ડની પરીક્ષાનો તણાવ હળવો કરવા અને બોર્ડની પરીક્ષાનો ભય દૂર કરવાની સાથે પરીક્ષામાં સફળતા મેળવવાના શુભ આશયથી અને બોર્ડની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓને આહલાદક વાતાવરણ પુરૂ પાડવા મોડાસા શહેરના પરીક્ષા કેન્દ્રો જેવા કે મોડાસા હાઈસ્કૂલ, સર્વોદય હાઈસ્કૂલ, સરસ્વતિ વિદ્યાલયના પ્રવેશ દ્વારા આગળ મોડાસા શહેરની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ, લાયન્સ ક્લબ ઓફ મોડાસા, જાયન્ટસ ગ્રુપ, મારૂતિ વિકાસ મંડળ, તેમજ અન્ય સેવાકીય સંસ્થાઓ વગેરેએ પરીક્ષાર્થીઓને ગુલાબના ફૂલ આપી, તિલક કરી, સાકર વડે મોં મીઠું કરાવી શાંતિપૂર્વક સ્વચ્છ વાતાવરણમાં પરીક્ષા આપવાની શુભેચ્છા પાઠવી હતી. મોડાસા લાયસન્સ ક્લબ દ્વારા ધોરણ-૧૦ના



પરીક્ષાર્થીઓને શ્રી સરસ્વતી વિદ્યાલય અને ધોરણ-૧૨ના પરીક્ષાર્થીઓને લાયન્સ પ્રમુખ સુરેશ પટેલ, ઝેડસી પ્રવીણ પરમાર, લાયોનેસ હેમલતાબેન પટેલ, મનુભાઈ, ગીરીશભાઈ પટેલ, લાયન્સ ક્લબ જોઈન્ટ સેક્રેટરી જય અમીન દ્વારા પરીક્ષાર્થીઓને પરીક્ષામાં ભવ્ય સફળતા મેળવવા શુભેચ્છા પાઠવી હતી.

## કડી તાલુકાના ઈન્દ્રાડ ગામે ૫.૮૯ લાખનો દારૂ ઝડપાયો

મહેસાણા જિલ્લાના કડી તાલુકાના ઈન્દ્રાડ ગામની સીમમાં આવેલ એક ગોડાઉનમાં મહેસાણા એલ.સી.બી. અને નંદાસણ પોલીસ રાત્રીના સમયે અચાનક દરોડો પાડી સ્થળ પરથી ત્રણ ઈસમોને ઝડપી લઈ રૂપિયા ૫,૮૯,૨૦૦ની કિંમતની મત્તાની ૯૮ પેટીઓમાં ભરેલ પરપ્રાંતની દારૂની ૧૧૭૬ બાટલીઓનો જથ્થો કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી. નંદાસણ પો.સ.ઈ. વાય.એમ. બહેલીમ તથા અન્ય પોલીસ કર્મચારીઓની મદદ વડે રાત્રીના સમયે ચૌધરી કિશનલાલ કલારામ તથા તેના ભાઈ પ્રભુરામ રબારી તથા પ્રતાપ ઉર્ફે પાનો ગણેશભાઈ રબારી સહિત અન્ય કેટલાક પરપ્રાંતના શખ્સો દારૂનો ગેરકાયદે વેપલો કરતા હોવાનું જણાતા પોલીસે પ્રભુરામ કલારામ ચૌધરી, પ્રમોદકુમાર સંજયકુમારસિંહ સિંગ રહે. કડી કરણનગરને ઝડપી લીધા હતા.

## ગુજરાત પ્રદેશ પંચાયત પરીષદ પ્રમુખ પદે નિમણુંક

ભિલોડા,તા.૮

ગુજરાત પ્રદેશ પંચાયત



પરીષદ પ્રમુખ પદે રાજેન્દ્રભાઈ કાંતીલાલ પારઘી (અરવલ્લી જીલ્લા પંચાયત પ્રમુખ)ની નિમણુંક કરાતાં આનંદની લાગણી પ્રસરી છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતી, અરવલ્લી અને સાબરકાંઠા જીલ્લાના કોંગ્રેસ અગ્રણીઓએ અભિનંદન પાઠવ્યા હતા. અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં આનંદની લાગણી પ્રસરી છે.

# મેઢાસણ ગામમાં તસ્કરોનો તળખળાટ

મોડાસા, તા. ૮

અરવલ્લી જિલ્લાના મોડાસા-હિંમતનગર રાજ્ય ધોરીમાર્ગ પર આવેલા મેઢાસણ ગામમાં રવિવારના રાત્રીના સમયે તસ્કર ટોળકી ત્રાટકી ગામની મુખ્ય બજારમાં આવેલી ૩ દુકાનનો અને મેઢાસણ રેફરલ હોસ્પિટલની બાજુમાં આવેલા ગણપતિ મંદિરમાં રહેલી દાનપેટીને નિશાન બનાવી તસ્કરોએ ૧ લાખથી વધુ મત્તાની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. સોમવારે સવારે તસ્કરોના તળખળાટનો ગ્રામજનોને જાણ થતા ગ્રામજનોમાં ચોરી-લૂંટારૂ ગેંગથી ફફડાટ ફેલાયો હતો. મોડાસા રૂરલ પોલીસને ચોરીની ઘટનાની જાણ કરતા ફરિયાદના આધારે ચોર-લુંટારૂ ગેંગને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

મોડાસા તાલુકાના મેઢાસણ ગામમાં રવિવારે રાત્રીના સમયે ગ્રામજનો મીઠી નિંદર માણી રહ્યા હતા ત્યારે તસ્કર ગેંગે ૩ દુકાનો અને એક મંદિરને નિશાન બનાવી આશરે એક લાખથી વધુની મત્તા ચોરી ગયાની જાણ





થતાં દુકાનમાલિક સહિત મંદિરના પૂજારી અને ગ્રામજનો ફફડાટ ફેલાયો હતો. મેઢાસણ ગામની મુખ્ય બજારમાં આવેલી મહાલક્ષ્મી જનરલ સ્ટોર્સના માલિક સુનિલકુમાર દિનેશભાઈ ધોબી રવિવારે રાત્રીના સમયે રાબેતા મુજબ દુકાન બંધ કરી ઘરે ગયા હતા. સોમવારે સવારે દુકાને આવતા દુકાનનો દરવાજો તુટેલા જોતા બૂમાબૂમ કરતા આજુબાજુના રહીશો દોડી આવ્યા હતા અને દુકાનની અંદર રહેલી ૩૦,૦૦૦ રૂપિયા રોકડા, ૧ સોનાની ચેન, ૧ વીંટી, દોઢ તોલાની ચાંદીની પોચી, બે મોબાઈલ તેમજ દુકાનની અંદર રહેલ બેંક ઓફ બરોડાના એટીએમ કાર્ડ ચોરી તેના સાથે રહેલા પાસવર્ડ દ્વારા ચોરોએ રૂ. ૨૫૦૦ રૂ.ની રકમ એટીએમ દ્વારા તફડાવી લીધી હતી. તેમજ તેની આજુબાજુમાં રહેલી અર્બુદા જનરલ સ્ટોર્સ અને શીવ મેડીકલની દુકાનોના તાળા તોડી રોકડ રકમની લૂંટ ચલાવી તસ્કર ગેંગ આટલેથી ન અટકતા મેઢાસણ રેફરલ હોસ્પિટલની બાજુમાં આવેલા ખુબજ જાણીતા શ્રી રિદ્ધિ સિદ્ધિ ગણપતિ મંદિરની અંદર રહેલી દાનપેટી ચોરી દાનપેટીમાં રહેલી રોકડ રકમની લુંટ ચલાવી દાનપેટી મંદિરની બાજુમાં નાખી ફરાર થઈ ગયા હતા. મોડાસા રૂરલ પોલીસે સુનિલભાઈ ધોબીની ફરિયાદના આધારે ચોરી-લૂંટની ફરિયાદ નોંધી તસ્કર ગેંગને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

રવિવારે રાત્રે મેઢાસણ ગામ અને અરવલ્લી જિલ્લામાં તસ્કરગેંગનો ત્રાસ યથાવત રહેતા મેઢાસણ ગ્રામજનો અને જિલ્લાના રહીશોમાં જીલ્લા પોલીસતંત્ર દ્વારા નાઈટ પેટ્રોલીંગ સઘન બનાવવાની સાથે ચોર--લૂંટારૂ ગેંગને તાબડતોડ ઝડપી પાડવા ઉગ્ર માંગ ઉઠી છે.

# ભિલોડાના વાંકાનેરની પરિણીતાએ દહેજ મામલે સાસરીયાઓ વિરુદ્ધ ફરિયાદ

ભિલોડા,તા.૮

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના વાંકાનેર ગામની પરણીતાને દહેજ બાબતે પતિ ધ્વારા શારીરીક, માનસીક ત્રાસ ગુજરાતાં ચકચાર મચી જવા પામી છે. એક તરફ ગતિશીલ ગુજરાતમાં મહિલા સશક્તિકરણ અને મહિલા સુરક્ષાની ગુલબાંગો ફુકવામાં આવી રહી છે ત્યારે વાસ્તવિકતા કંઈક અલગ જ જોવા મળી રહી છે.

ભિલોડા તાલુકાના વાંકાનેર ગામની પરણીતાના લગ્ન જીવનના ટુંકાગાળામાં પતિએ પોત પ્રકાશ્યું ત્યારે પરણીતા મહિલા રાધીકાબેન પંચાલને ત્રાસ સહન ના થતાં પરણીતા ભિલોડા પીયરીયામાં આવી ગઈ છે. ભિલોડાના રહેવાસી મનહરભાઈ સોમાભાઈ પંચાલની પુત્રી રાધીકાબેન પંચાલના લગ્ન વાંકાનેર ગામના અંકિતભાઈ નટવરભાઈ પંચાલ સાથે સમાજીક રીતીરીવાજ મુજબ લગ્ન કરાવ્યા હતા પરંતુ પરણીતાનો પતિ લગ્નજીવનના ટુંકાગાળામાં પત્નીને કહેતો હતો કે તું તારા પીયરમાંથી દહેજ લાવવા સંદર્ભે શારીરીક, માનસિક ત્રાસ ગુજરાતો હતો. પરણીત મહિલાએ લગ્ન જીવન બાદ પતિનો ત્રાસ થોડા મહિનાઓ સુધી સહન કર્યો પરંતુ અસહ્ય ત્રાસ વધતાં પરણીત મહિલાના પતિએ રાધીકાબેનને ગડદાપાટુનો માર માર્યો ત્યારે પરણીતાને સહન ન થતાં પરણીતા ભિલોડા પિતાના ઘરે ચાલી ગઈ છે. રાધીકાબેન પંચાલએ તેમના પતિ અંકીતભાઈ નટવરભાઈ પંચાલ, રહે.વાંકાનેર, હાલ. રહે. અમદાવાદ વિરૂધ્ધ ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસએ આઈ.પી.સી. કલમ ૪૯૮ (ક), ૩૨૩ દહેજ પ્રતિબંધક ધારા ૩, ૭ મુજબ ગુનો દર્જ કરી ધારાધોરણ મુજબની કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.



પ્રાંતિજ તાલુકાના કરોલ ગામ પંચાયત સંચાલિત આસુતોષ ઉ. બુ. વિદ્યાલયના નવીન ત્રણ ઓરડાનું ખાત મુહૂર્ત તેમજ કરોલ પ્રાથમિક શાળા નં. ૧ના બનાવેલ નવીન ઓરડાઓનો લોકાર્પણ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાના હસ્તે યોજાયો હતો. જ્યારે આ પ્રસંગે માણસાના ધારાસભ્ય અનિલભાઈ ચૌધરી, દહેગામના મહિલા ધારાસભ્ય કામીનાબા રાઠોડ સહિત આમંત્રિત મહેમાનો સહિત ગામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે આ પ્રસંગે ઉપસ્થિત સૌ કોઈએ સ્વચ્છતા અંગેના શપથ લીધા હતા. જ્યારે શાળાના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા આવનારા મહેમાનો સહિત ગામજનો તથા વાલીઓના દિલ જીતી લીધા હતા.

## સાંપડ ખાતે રાવલ યોગી સમાજનો છઠ્ઠો સમૂહ લગ્નોત્સવ યોજાયો

પ્રાંતિજ, તા. ૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સાંપડ મહાકાલી માતાજીના મંદિર ખાતે તા. ૩-૩-૨૦૧૬ને ગુરૂવારના રોજ પ્રાંતિજ તાલુકાના રાવળ યોગી સમાજનો છઠ્ઠો સમૂહ લગ્નોત્સવ યોજાયો.

સાંપડ ખાતે રાવળ યોગી સમાજનો છઠ્ઠો સમૂહ લગ્નોત્સવ યોજાયો હતો. જેમાં ૫૦ નવદંપતિઓએ પ્રભુતામાં પગલા પાડ્યા હતા. જ્યારે દિકરીનો ગર્ભપાત નહી કરવાના શપથ પણ લીધા હતા. જ્યારે આ પ્રસંગે સમાજમાંથી ૧૩૦૦૦થી પણ વધારે રાવળ યોગી સમાજના ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. સમુહ લગ્ન સમિતિ દ્વારા સમાજના દાંતાઓનું ફૂલહાર શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યુંહતું. જ્યારે આ પ્રસંગે સમાજના પ્રમુખ ચંદુભાઈ લખાભાઈ રાવળ, મંત્રી રામાભાઈ હિરાભાઈ રાવળ સહિત સમાજના આગેવાનો પદાધિકારીઓ સહિત કારોબારી સભ્યો ઉપસ્થિત રહીને સાથ સહકારથી છઠ્ઠો સમૂહ લગ્નોત્સવ સફળ રહ્યો હતો.

## પ્રાંતિજ શેઠ પી. એન્ડ. આર હાઈસ્કૂલમાં સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ, તા.૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે નગરપાલિકા સંચાલિત શેઠ પી.એન્ડ. આર વિભાગના વિદ્યાર્થીઓનો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પ્રાર્થના બાદ આવનારા મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યુ હતું. જયારે બાળકો દ્વારા ડાન્સ, દેશભક્તિ ગીત, એકપાત્ર અભિનય વગેરે સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લઈ આવનારા મહેમાનો સહિત વાલીઓ તથા પ્રેક્ષકોના દિલજીતી લીધા હતા. જયારે શાળામાં વર્ષ દરમિયાન ચાલતી વિવિધ પ્રવૃત્તિઓમાં પ્રથમ નંબર આવનાર વિદ્યાર્થીઓને આવનાર મહેમાનો દ્વારા ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. જયારે આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ નિરવભાઈ પરીખ, અરવિંદભાઈ પરમાર, જિલ્લા સદસ્ય રામસિંહ, જયંતિભાઈ ત્રિવેદી, સતિષભાઈ પંડ્યા, મીઠાભાઈ પટેલ, તથા શાળાના આચાર્ય જગદીશભાઈ પંચાલ સહિત શાળા પરિવાર તથા વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જયારે સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન મહેન્દ્ર પ્રજાપતિ તથા હિરેનભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.



અરવલ્લી જિલ્લાના ધનસુરા પોલીસ સ્ટેશન નજીકથી પસાર થઈ રહેલા બાઈક (ગાડી નં. જીજે૯એક્યુ-૨૨૪૧)નો ચાલક જીતેન્દ્રસીંહ નટવરસીંહ સોલંકીની બાઈકને પૂરઝડપે ગફલતભરી રીતે હંકારી ટ્રક (ગાડી નં. જીજે૩૧ટી-૯૯૭૨)ના ચાલકે રોંગ સાઈડ ધસી જઈ અડફેટે લેતા બાઈકચાલકના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા બાઈકચાલકને સારવાર અર્થે દવાખાને ખસેડાતા રસ્તામાંજ પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું.

# ધાનેરા નગરપાલિકાની ગાડીના ડ્રાયવરનું હૃદય રોગના હૂમલાથી મોત

ધાનેરા, તા. ૮

બનાસકાંઠા જિલ્લાના ધાનેરા નગરપાલિકાના પ્રમુખની ગાડીના ડ્રાયવરનું હૃદયરોગના હૂમલાથી મોત નીપજતા નગરપાલિકા સહિત સમગ્ર ધાનેરા શહેરમાં શોકની લાગણી છવાઈ ગઈ હતી.

છેલ્લા ઘણા વરસથી વાલજીભાઈ જોશી નામનો યુવક ધાનેરા નગરપાલિકાના પ્રમુખની ગાડી પર ડ્રાયવર તરીકે ફરજ બજાવી પોતાનું અને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતો હતો પરંતુ આજે સવારે આ વાલજીભાઈ નગરપાલિકા હતા તે સમયે અચાનક છાતીમાં દુખાવો ઉપડતા તેને સારવાર અર્થે ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો અને ત્યાં ફરજ પરના તબીબે પ્રાથમિક સારવાર આપી હતી પરંતુ આ યુવકની હાલત નાજુક જણાતા તેને વધુ સારવાર અર્થે રીફર કરવામાં આવ્યો હતો. પરંતુ તેનું રસ્તામાં જ કમકમાટીભર્યુ મોત નીપજતા ધાનેરા નગરપાલિકા સહીત સમગ્ર ધાનેરા શહેરમાં શોકની લાગણી જોવા મળી હતી. મૃતદેહને પી.એમ. અર્થે ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડતા રેફરલ હોસ્પિટલમાં રાજકીય નેતા, પાલિકાના તમામ સભ્યો સહીત લોકોની ભારે ભીડ જોવા મળી હતી. અત્યારે તો આ યુવકના મોતના પગલે ધાનેરા નગરપાલિકા સહીત સમગ્ર ધાનેરા શહેરમાં શોકની લાગણી જોવા મળી હતી અને યુવકના આત્માને પ્રભુ શાંતિ આપે તેવી લોકોએ ભગવાન પાસે પ્રાર્થના કરી હતી.